ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૧/૨૦–૨૧/ ૨૩૮

તારીખ : 19 JAN 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**શ્રી રાધેશ્યામ હરીરામભાઈ દુધરેજીયા,**

મું. ઉમરડા,

તા.મૂળી,

**જી.સુરેન્દ્રનગર.**

**મો.નં. ૬૩૫૩૨ ૦૨૨૪૭.**

કેસ નં.૪૧/૨૦–૨૧

**વિષય : નવા વિજ કનેકશન મળવામાં વિલંબ થવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૦૯/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૯/૦૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૨૦–૨૧/૩૨૭૯ તા.૨૧/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૨૦–૨૧/૩૯૩૩ તા.૧૧/૧૧/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૨૦–૨૧/૪૪૫૫ તા.૨૮/૧૨/૨૦૨૦

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૮/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૧/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી રાધેશ્યામ હરીરામભાઈ દુધરેજીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૪/૧૧/૨૦૨૦ તથા તા.૦૮/૦૧/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી રાધેશ્યામ હરીરામભાઈ દુધરેજીયા – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી રાધેશ્યામ હરીરામભાઈ દુધરેજીયા, મું.ઉમરડા, તા.મૂળી, જી.સુરેન્દ્રનગર ની નવા વિજ કનેકશન મળવામાં વિલંબ થવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૧/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૨૦–૨૧/૩૨૭૯ તા.૨૧/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૧૧/૨૦૨૦ તથા તા.૦૮/૦૧/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી રાધેશ્યામ હરીરામભાઈ દુધરેજીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી રાધેશ્યામ હરીરામભાઈ દુધરેજીયા, મૂળી તાલુકાના ઉમરડા ગામના વતની છે. તેઓ દ્વારા રમાબેન હરીરામભાઈ ના નામે વિજ કનેકશન માટે અરજી કરેલ હતી.

૧.૨ વાદીની રજૂઆત છે કે, ઉમરડા ગામના રેવન્યુ સર્વે નં–૫૧૧ ઉપર જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામે નવું વિજ કનેકશન મેળવવા માટે અરજી કરેલ હતી તેમજ વર્તુળ કચેરીમાં પણ અરજી કરેલ હતી.

૧.૩ વાદીના મોબાઈલ પર તા.૨/૩/૨૦૨૦ ના રોજ અંદાજપત્રક રૂા. ૨૫૩૪૦/– ભરવા માટે નો મેસેજ આવેલ હતો.

૧.૪ જેથી મોબાઈલ પર મેસેજ મળ્યા બાદ અંદાજપત્રક ના નાણાં ભરવા મૂળી પેટા વિભાગીય કચેરીએ જતા નાયબઈજનેર રેનાબેન ચૌધરી દ્વારા સદર અંદાજપત્રક ના નાણાં રાજય સરકારની ના હોવાથી સ્વીકારવાની ના પાડેલ હતી.

P.G.V.C.L. Bhavnagar

૧.૫ વધુમાં જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામે ૩૫ થી ૪૦ વિજ કનેકશન આપવામાં આવેલ છે. અમારૂં કોઈ જાતનું લેણું વિજ કંપની પાસે બાકી નથી. આમ છતાં, અમોને વિજ કનેકશન આપવામાં આવતું નથી. તે બાબતની રજૂઆત વાદી દ્વારા કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામે સદર સર્વે નં–૫૧૧ પર અન્ય વિજ કનેકશન આપવામાં આવેલ છે. જેથી, બીજું વિજ કનેકશન મળી શકે નહી.

૨.૨ અરજી સમયે રજૂ કરેલ ૭–૧૨ માં જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામે સર્વે નં– ૫૧૧ માં ૨૨૫.૪૨ હેકટર જમીન આવેલ છે. અરજદાર રજૂ કરેલ ૭–૧૨ અને હકકપત્રક –૬ માં ફકત જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામનો ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ, રમાબેન હરીરામભાઈ નો ઉલ્લેખ જોવા મળતો નથી.

૨.૩ ઉમરડા ગામની જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના સર્વે નં– ૫૧૧ પર અન્ય ૧૩ વિજ કનેકશન આપવામાં આવેલ છે. જો ખેડૂત પાસે ૮ એકર થી ઓછી જમીન હોય તો, એક એક સર્વે નંબર માં એક જ વિજ કનેકશન મળી શકે છે. અને જો ૮ એકર કરતા વધુ જમીન હોય તો, બે વિજ જોડાણ આપી શકાય. એ બાબત નો જવાબ વાદીને પેટા વિભાગીય કચેરી મૂળી ના નાયબ ઈજનેર (ખેતીવાડી) દ્વારા તા.૨૨/૧૦/૨૦૨૦ ના રોજ પત્રથી જાણ કરેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી રમાબેન હરીરામભાઈ એ ઉમરડા ગામના રે.સ.નં–૫૧૧ ઉપર જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી (સામુદાયીક ખેતીવાડી સરકારી મંડળી લી.) ના નામની ૨૦ હોર્સ પાવર નું ખેતીવાડી વિજ જોડાણ માટે સર્વે નં–૫૧૧ માં અરજી નોંધણી કરાવેલ. પ્રતિવાદી એ વાદીને તેના ખેતીવાડી વિજજોડાણ માટે તા.૨/૩/૨૦૨૦ ના રોજ રૂા.૨૫૩૪૦/– ભરવા માટે નો મેસેજ મોબાઈલ થ્રુ મોકલાવેલ. જયારે, વાદી અરજદાર અંદાજપત્ર ના નાણાં ભરવા માટે મૂળી પેટા વિભાગીય કચેરીમાં ગયેલ ત્યારે, પ્રતિવાદીના પ્રતિનિધિ એ નાણાં સ્વીકારેલ નહી. તેથી, વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ પ્રતિવાદીએ ફોરમને આપેલ લેખિત જવાબ મુજબ સર્વે નં–૫૧૧ ના ૭/૧૨ ના ઉતારા માં જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી નું નામ છે. તેમજ સર્વે નં–૫૧૧ ના ૨૨૫.૪૨ હેકટર જમીન છે. અરજદારે રજૂ કરેલ ૭/૧૨ અને હકકપત્રક–૬ માં જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી નો ઉલ્લેખ કરેલ છે. તેવું પ્રતિવાદીએ લેખિતમાં જણાવેલ છે. પ્રતિવાદીના જણાવ્યા મુજબ ૮ એકર કરતાં વધુ જમીન હોય તો, વાદીને બીજું જોડાણ આપી શકાય.

૩.૩ પ્રતિવાદીએ ફોરમને રજૂ કરેલ જવાબમાં જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી સર્વે નં–૫૧૧ વાદીને વિજ જોડાણ ન આપવા માટે ના કોઈ સ્પષ્ટ કારણો કે, આધાર પુરાવાઓ રજૂ કરેલ નથી. તેમજ પ્રતિવાદીનો ૮ એકર થી વધુ જમીન નો મુદ્દો અસ્થાને છે. કારણ કે, સર્વે નં–૫૧૧ જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના નામે છે. તેમજ તેની કુલ જમીન ૨૨૫.૪૨ હેકટર છે. તેમજ પ્રતિવાદી સહકારી મંડળી ના નામે ખેતીવાડી વિજ જોડાણ આપવા માટેના કોઈ આધારભૂત પરિપત્ર રજૂ કરેલ નથી. તેમજ પ્રતિવાદી જણાવે છે કે, ઉમરડા ગામની જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી ના સર્વે નં–૫૧૧ પર ૧૩ વિજ કનેકશન અગાઉ આપવામાં આવેલ છે. પરંતુ, કેટલા વિજ જોડાણ આપી શકાય તેવો કોઈ આધાર કે પરિપત્ર રજૂ કરી શકેલ નથી.

૩.૪ તા.૨૪/૧૧/૨૦૨૦ ના રોજ સુનાવણી દરમ્યાન ફોરમે વાદી પાસેથી જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી નું કનેકશન લેવા અંગેનું NOC કરવા જણાવેલ. જે વાદીએ તા.૮/૧/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમ્યાન ફોરમને રજૂ કરેલ છે. ઓરીજનલ NOC પ્રતિવાદીને રૂબરૂમાં આપવામાં આવેલ છે.

૩.૫ તા.૭/૧/૨૦૨૧ ના રોજ સામુદાયીક ખેતીવાડી સહકારી મંડળી ના મંત્રીએ તેના પત્રમાં જણાવેલ છે કે, રમાબેન હરીરામભાઈ એ મંડળીના સભ્ય છે. તેમજ નવા વિજ જોડાણ આપવા માટે નું NOC આપેલ છે.

૩.૬ ઉપરોક્ત તારણો અને રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ પરથી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીએ માંગેલ ખેતીવાડી વિજ જોડાણ નું અંદાજપત્ર જોઈન્ટ ફાર્મીંગ સોસાયટી કે/ઓ. રમાબેન હરીરામભાઈ દુધરેજીયા ના નામે આપવું, જે વાદી દ્વારા ભરપાઈ થયે, આગળની કાર્યવાહી કરવી.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી.એમ.આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૦૮/૦૧/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.